| GJSN170007532025 | | દાખલ થયા તારીખ | ૦૯/૦૭/૨૦૨૫ | | |
|---|---|---|---|---|---|
| | | રજી. લીધા તારીખ | ૦૯/૦૭/૨૦૨૫ | | |
| | | ફેસલ કર્યા તારીખ | ૧૨/૦૬/૨૦૨૬ | | |
| | | સમય મર્યાદા | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૧૧ | ૦૩ |

**થાનગઢના મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું. થાનગઢ.**

**ફોજદારી કેસ નં.૫૪૭/૨૦૨૫**
**આંક–૨૧**

**<u>ફરિયાદી:–</u>** શ્રી સ ર કા ર

**––– વિરૂધ્ધ–––**

**<u>આરોપી:–</u>** **ધીરૂભાઇ ભીખુભાઇ કરપડા, ઉ.વ.૪૭**
રહે. રામપરડા, તા.મુળી, જિ. સુરેન્દ્રનગર

=====================================================

**ગુન્હો:–ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨)** મુજબ

=====================================================

ફરિયાદપક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી એસ.જે.ચૌહાણ
આરોપી પક્ષ તરફે : વિ.વકીલ શ્રી જે.ડી.ચાવડા

=====================================================

**–:: ચૂકાદો ::–**

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૮/૦૭/૨૦૨૧ ના રોજ કલાક ૧૫:૦૦ વાગ્યે આ કામના

આરોપી વિજયભાઇ જેઠસુરભાઇ ખાચર રહે. થાનગઢ વાળાએ ભારતીય બનાવટનો પરપ્રાંતિય દારૂનો જથ્થો મંગાવી કટીંગ કરતા રેઇડ દરમ્યાન ટ્રક નં.MH-12-MV-5222 તથા મહિન્દ્રા કંપનીના બોલેરો ફોરવ્હીલર ગાડી રજી. નં. GJ-10-TV-5965 માંથી ભારતીય બનાવટના પરપ્રાંતિય દારૂની અલગ અલગ બ્રાંડની પેટી નંગ–૧૧૭ કુલ બોટલ નંગ–૧૪૦૪ કિં.રૂ.૪,૨૧,૨૦૦/–નો તથા ભારતીય બનાવટના બિયર ટિનની પેટી નંગ–૨ બિયરના ટિન નંગ–૪૮ કિં.રૂ.૪૮૦૦/– નો મુદ્દામાલ રાખી રેઇડ દરમ્યાન મહેન્દ્રભાઇ ઉર્ફે મયુર ઉર્ફે મહેશ ખોડીભાઇ પટગીર રહે. મોટા થાંભલા વાળી શેરીમાં, મફતીયાપરા થાનગઢ, તા.થાનગઢ મુળ રહે. પીઠવડી, તા.સાવરકુંડલા, જિ. અમરેલી વાળા પકડાઇ જતા તેની અંગઝડતીમાંથી મળી આવેલ ઓપો કંપનીનો કાળા કલરનો ટચ સ્ક્રીન મોબાઇલ કિં.રૂ.૫૦૦૦/– તથા ટ્રક નં. MH-12-MV-5222 કિં.રૂ.૪૦૦૦૦૦/- ગણી તથા બોલેરો ફોરવ્હીલર ગાડી રજી. નં. GJ-10-TV-5965 કિં.રૂ.૨૦૦૦૦૦/- મળી કુલ રૂ.૧૦,૩૧,૦૦૦/-ના મુદ્દામાલ સાથે આરોપી ધીરૂભાઇ ભીખુભાઇ કાઠી દરબાર રહે. રામપરડા, તા. મુળી વાળાએ દારૂનો જથ્થો ભરવા મોકલેલ બે અજાણ્યા માણસો તથા અર્ટીકા ગાડીમાં દારૂનો જથ્થો ભરી લઇ જનાર કુલદિપભાઇ સામતભાઇ ખાચર રહે. થાનગઢ વાળો તથા પથુભાઇ ભરતભાઇ ગીડા તથા કનુભાઇ જેઠસુરભાઇ ખાચર તથા પ્રતાપભાઇ ભોજક તથા બનાભાઇ તથા બનાભાઇ સાથે આવેલ મહેમાન રહે. તમામ થાનગઢ વાળા તથા બોલેરો ગાડી રજી. નં. GJ-10-TV-5965 નો ડ્રાઇવર તથા ટ્રક રજી. નં. MH-12-MV-5222 નો ડ્રાઇવર રેઇડ દરમ્યાન હાજર નહી મળી આવી **પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨)** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યા અંગેની ફરિયાદ, ફરિયાદીએ થાનગઢ પો.સ્ટે.માં નોંધાવતા પો.સ્ટે.ના અધિકારીએ ફરિયાદીની ફરિયાદ પ્રોહીબીશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧૧૦૫૦૨૧૦૨૭૨/૨૦૨૧થી નોંધી ગુન્હાની આગળની તપાસ,

તપાસ અધિકારીએ કરતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

**૨.** આરોપીને સમન્સની બજવણી થતાં તે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ ની જોગવાઇ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો આરોપીને આપવામાં આવેલાની ખાત્રી કર્યા બાદ તેની સામેના ગુન્હાનું તહોમતનામું આંક–૩ થી ફરમાવી અને આરોપીની આંક–૪ થી ગુન્હા અંગે કબુલાતની પૃચ્છા બાબતની પ્લી નોંધતા આરોપીએ ગુન્હો કબૂલ કરવાનો ઇન્કાર કરેલ, જેથી ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૩.** ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલા છે. ફરિયાદપક્ષે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

**<u>–: મૌખિક પુરાવા:–</u>**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ | પંચ સાહેદ હરેશભાઇ નારણભાઇ ખમાણીની જુબાની |
| ૨ | ૧૭ | પંચ સાહેદ મહેશભાઇ ભોગીલાલ ચૌહાણની જુબાની |
| ૩ | ૧૮ | ત.ક.અ. જાકીરહુસેન અબ્દુલકાદર કછોટની જુબાની |

**૪.** ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**<u>–: દસ્તાવેજી પુરાવા:–</u>**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૬ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું |
| ૨ | ૧૯ | એફ.આઇ.આર.ની નકલ |
| ૩ | ૨૦ | એફ.એસ.એલ. રવાનગી પત્ર |

**૫.** ફરિયાદપક્ષ તરફથી આ સિવાય અન્ય કોઇ પુરાવો રજૂ ન થતા ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. ત્યારબાદ ઉપરોકત રજૂ પુરાવા પરથી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ની જોગવાઇ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવા લાયક જણાતુ ન હોય વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

**૬.** આ કેસની આખરી દલીલના તબકકે ફરીયાદીશ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે વિ. વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળેલ છે. જે પુરાવાનાં મુલ્યાંકન વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

**૭.** આ કામના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૮/૦૭/૨૦૨૧ ના રોજ કલાક ૧૫:૦૦ વાગ્યે આ કામના આરોપી વિજયભાઇ જેઠસુરભાઇ ખાચર રહે. થાનગઢ વાળાએ ભારતીય બનાવટનો પરપ્રાંતિય દારૂનો જથ્થો મંગાવી કટીંગ કરતા રેઇડ દરમ્યાન ટ્રક નં.MH-12-MV-5222 તથા મહિન્દ્રા કંપનીના બોલેરો ફોરવ્હીલર ગાડી રજી. નં. GJ-10-TV-5965 માંથી ભારતીય બનાવટના પરપ્રાંતિય દારૂની અલગ અલગ બ્રાંડની પેટી નંગ–૧૧૭ કુલ બોટલ નંગ–૧૪૦૪ કિં.રૂ.૪,૨૧,૨૦૦/–નો તથા ભારતીય બનાવટના બિયર ટિનની પેટી નંગ–૨ બિયરના ટિન નંગ–૪૮ કિં.રૂ.૪૮૦૦/– નો મુદ્દામાલ રાખી રેઇડ દરમ્યાન મહેન્દ્રભાઇ ઉર્ફે મયુર ઉર્ફે મહેશ ખોડીભાઇ પટગીર રહે. મોટા થાંભલા વાળી શેરીમાં, મફતીયાપરા થાનગઢ, તા.થાનગઢ મુળ રહે. પીઠવડી, તા.સાવરકુંડલા, જિ. અમરેલી વાળા પકડાઇ જતા તેની અંગઝડતીમાંથી મળી આવેલ ઓપો કંપનીનો કાળા કલરનો ટચ સ્ક્રીન મોબાઇલ કિં.રૂ.૫૦૦૦/– તથા ટ્રક નં. MH-12-MV-5222 કિં.રૂ.૪૦૦૦૦૦/- ગણી તથા બોલેરો ફોરવ્હીલર ગાડી રજી. નં.

GJ-10-TV-5965 કિં.રૂ.૨૦૦૦૦૦/- મળી કુલ રૂ.૧૦,૩૧,૦૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપી ધીરૂભાઈ ભીખુભાઈ કાઠી દરબાર રહે. રામપરડા, તા. મુળી વાળાએ દારૂનો જથ્થો ભરવા મોકલેલ બે અજાણ્યા માણસો તથા અર્ટીકા ગાડીમાં દારૂનો જથ્થો ભરી લઈ જનાર કુલદિપભાઈ સામતભાઈ ખાચર રહે. થાનગઢ વાળો તથા પથુભાઈ ભરતભાઈ ગીડા તથા કનુભાઈ જેઠસુરભાઈ ખાચર તથા પ્રતાપભાઈ ભોજક તથા બનાભાઈ તથા બનાભાઈ સાથે આવેલ મહેમાન રહે. તમામ થાનગઢ વાળા તથા બોલેરો ગાડી રજી. નં. GJ-10-TV-5965 નો ડ્રાઈવર તથા ટ્રક રજી. નં. MH-12-MV-5222 નો ડ્રાઈવર રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી **પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨)** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ

૯. **<u>:: નિર્ણય અંગેના કારણો ::</u>**

ઉપરોકત કારણો અંગેની કાનુની ચર્ચા કરતા પહેલા ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર આવેલ મૌખિક પુરાવાનું મુખ્ય સારાંશ નોંધવુ આવશ્યક જણાઈ આવે છે. જે નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં.૧.</u>**

(૯.૧) આ કામે **આંક–૧૫ થી પંચ સાહેદ હરેશભાઈ નારણભાઈ ખમાણી તથા આંક–૧૭ થી પંચ સાહેદ મહેશભાઈ ભોગીલાલ ચૌહાણને** તપાસવામાં આવેલા છે. તેઓ **આંક–૧૬ના** પંચનામાના પંચ સાહેદો છે. આ પંચ સાહેદોએ પોતાની જુબાનીમાં આંક–૧૬ ના પંચનામાની વિગત આરોપીના કબ્જામાંથી

મુદ્દામાલ **દારૂ** મળી આવેલાની હકીકતને સમર્થન આપેલ નથી. તેમણે પોલીસના કહેવાથી એક તૈયાર લખેલા કાગળમાં સહી કરેલી. આ તૈયાર લખેલા કાગળમાં શુ લખેલ હતું તે તેમણે વાંચેલ નહી. એના સિવાય બીજુ તેઓ કાંઇ જાણતા નથી તેમ જણાવતા હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરેલ છે તેમાં પણ તેઓએ આંક–૧૬ ના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, ફરિયાદપક્ષ આ પંચ સાહેદોની જુબાનીથી આરોપીના કબ્જામાંથી આંક–૧૬ના પંચનામા મુજબનો મુદ્દામાલ મળી આવેલ હોય તેવી કોઇ હકીકત પુરવાર કરી શકેલ નથી.

(૯.૨) ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે આ કામે **આંક–૧૮થી ત. ક. અ. જાકીરહુસેન અબ્દુલકાદર કછોટને** તપાસવામાં આવેલ છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, હું સને ૨૦૨૫ ની સાલમાં થાનગઢ પો.સ્ટે. ખાતે પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતો હતો. તે વખતે ફરીયાદી રેખાબેન જાદવભાઇ માલકીયા નાઓએ એક ફરીયાદ નોંધાવેલ જેની ટૂંકમાં હકીકત એવી હતી કે આરોપી વીજય જેઠસુર ખાચર રહે. થાનગઢ વાળો ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઇંગ્લીશ દારૂ મંગાવી કંટીંગ કરતો હતો. તે દરમ્યાન બાતમી આધારે રેડ કરતા ટ્રક નં.એમ.એચ.૧૨ એમ.વી. ૫૨૨૨ તથા બોલેરો ગાડી નં.જીજે ૧૦ ટીવી ૫૯૬૫ માંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવેલ અને સ્થળ ઉપરથી મહેન્દ્ર ઉર્ફે મયુર ઉર્ફે મહેશ ખોડીભાઇ પટગીર રહે. થાનગઢ વાળો સ્થળ પર મળી આવેલ હોય તે બાબતની હતી. જે ફરીયાદ ફરજ પરના પી.એસ.ઓ.એ થાનગઢ પો.સ્ટે. ગુન્હા રજી. નં.૨૭૨/૨૦૨૧ થી પ્રોહી કલમ–૬૫એઇ, ૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ નોંધી લીધેલ. મને એક એફ.આઇ.આર.ની ખરી નકલ બતાવવામાં આવે છે જેને રજુ દા.આંક–૧૯ આપવામાં આવે છે. ત્યારબાદ તપાસ પો. ઇન્સ. એમ.વી.ચૌધરી નાઓએ કરેલી. તેઓએ રેડમાં સામેલ પોલીસ સાહેદના નિવેદન નોંધેલા. પકડાયેલ મુદ્દામાલમાંથી એફ.એસ.એલ. અર્થે કાઢેલ સેમ્પલને રવાનગી પત્ર સાથે એફ.એસ.એલ. કચેરી રાજકોટ મોકલાવી આપેલ. તે રવાનગી પત્ર રજુ કરૂ છુ જેને દા.આંક–૨૦ આપવામાં આવે છે. ત્યારબાદની તપાસ પી.એસ.આઇ. એન.પી.મારૂને સોંપવામાં આવેલ અને

ત્યારબાદની તપાસ પી.એસ.આઇ. એ.એમ.ચુડાસમાનાઓને સોંપવામાં આવેલ અને ત્યારબાદની તપાસ મને સોંપતા તમામ કાગળનો અભ્યાસ કર્યા બાદ આરોપી સામે પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને હુ ઓળખુ છું. **સદર ત.ક.અ.ની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, અમો રેડમાં સામેલ ન હતા. એ વાત ખરી નથી કે પંચનામું તમારા પી.આઇ. શ્રીનાઓએ પોલીસ સ્ટેશનમાં બેસી તૈયાર કરી પાછળથી પંચોની સહીઓ કરાવેલ. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને માણસોની અવરજવર વાળી જગ્યા છે. એ વાત ખરી છે કે તપાસના કામે કોઇ સ્વતંત્ર સાહેદનું નિવેદન નોંધવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે પ્રોહીબીશનના ગુન્હામાં પહેલા પંચનામું કરવામાં આવે ત્યારબાદ બનાવ અંગેની ફરીયાદ નોંધવામાં આવે. એ વાત ખરી છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીની સ્થળ ઉપરથી ઘરપકડ કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે મુદ્દામાલ બિનવારસી મળી આવેલ હોય તે મુદ્દામાલ આરોપીનો બતાવી તેની સામે ખોટો કેસ કરેલ છે. એ વાત ખરી છે કે, એસ.પી. કચેરી તરફથી પ્રોહીબીશનના કેસ કરવાનો ટાર્ગેટ આપવામા આવે છે. એ વાત ખરી નથી કે આરોપી સામે કોઇપણ જાતનો પુરતો પુરાવો ન હોવા છતાય ખોટું ચાર્જસીટ કરેલ છે. એ વાત ખરી નથી કે કોર્ટમા ખોટી જુબાની આપુ છુ.

**૧૦.** આમ, ફરીયાદપક્ષ ધ્વારા રજૂ કરવામાં આવેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આરોપી વિરૂધ્ધ ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ-૧૧૬ અન્વયે અનુમાન થઇ શકે તેવો કોઇ પુરાવો આ કામે રજૂ થવા પામેલ નથી.

હાલના કેસના ન્યાયિક નિર્ણયો સારુ નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા આપવામાં આવેલ કેટલાક ચુકાદાઓ જેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા માર્ગદર્શક સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલ છે જે ધ્યાને લેવા મહત્વપુર્ણ બની રહેશે.

**નામદાર ગુજરાત હાઇકોર્ટે ધીરજલાલ ગાંડાભાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં કે જે ૧૯૯૧(૧) જીએલઆર ૪૩૩** થી પ્રસિધ્ધ થયેલ છે. જેમાં પ્રસ્થાપિત કરેલ છે કે, જો બોટલોને પંચોની સહીઓ સાથે સીલ કરવામાં આવી ન હોય અને પંચોનો પુરાવા દારૂ મળી આવેલ તેવા ફરીયાદ પક્ષના પુરાવાને સમર્થન આપતો ન હોય તેવા કિસ્સામાં કલમ ૧૧૬ (બી) અન્વયે દારૂના કબ્જા અંગેની ધારણા ઉત્પન્ન કરી શકાય નહી.

વધુમાં **નામદાર ગુજરાત હાઇકોર્ટે ગુલાબભાઇ રણછોડભાઇ અને અન્યો વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં કે જે ૧૯૯૨(૨) જીએલએચ(અનરિપોર્ટેડ જજમેન્ટ) ૧૧** થી પ્રસિધ્ધ થયેલ છે. જેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે કલમ–૧૧૬(બી) અન્વયેનું અનુમાન કરતા પહેલા ફરીયાદપક્ષે કેટલીક હકીકતો પુરાવાથી પુરવાર કરવી પડે જે મુજબ ફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે કે (૧) આરોપી સીલ બોટલના કબ્જામાં હતો. (૨) સદર સીલ બોટલો ઉપર અસલ લેબલ લગાડેલ હતુ. (૩) સદર લેબલ દારૂની બ્રાન્ડ કઇ હતી તે દર્શાવતું હોવુ જોઇએ તેમજ સદર લેબલ તેના ઉત્પાદકનું પણ નામ દર્શાવતું હોવું જોઇએ.

વધુમાં જો લેબલમાં દર્શાવવામાં આવેલ ઉત્પાદક કંપનીના જવાબદાર અધિકારીએ કોર્ટ સમક્ષ તપાસીને એ હકીકત પુરવાર કરવામાં ના આવે કે સદર દારૂની બોટલો અસલી હતી ત્યાં સુધી પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(બી) અન્વયેનું અનુમાન થઇ શકે નહી.

**૧૧.** નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ ઉપરોકત માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લઇ હાલના કેસની હકીકતોની ચર્ચા કરવામાં આવે તો આ કામે આરોપી પાસેથી મુદ્દામાલ દારૂ કબજે કરવામાં આવેલ હોય કે તપાસમાં આરોપીનું નામ ખુલેલ હોય તેવી ફરીયાદ પક્ષની હકીકતોને સ્વતંત્ર પંચ સાહેદો સમર્થન આપતા નથી તેમજ આરોપી ઇંગ્લીશ દારૂનું વેચાણ કરતા હોવાની હકીકતને પણ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીથી સમર્થન મળેલ નથી તે સિવાય આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. આ કામે કબજે કરવામાં આવેલ

મુદ્દામાલનો એફ.એસ.એલ. રિપોર્ટ રજુ નથી કે સદર મુદ્દામાલ બોટલો ઉપર જે ઉત્પાદક કંપનીના બ્રાન્ડ કે લેબલ હતા તે કંપનીના માણસનો કોઈ જવાબ લીધેલ નથી તેમજ આ કામે કબજે કરવામાં આવેલ દારૂની બોટલો ઉપર જે લેબલ લાગેલા હતા તે જ કંપનીની આ દારૂની બોટલો હતી તે હકીકત દર્શાવતો કોઈ સ્વતંત્ર પુરાવો આ કામે રજૂ થયેલ નથી. ફરીયાદપક્ષે કોર્ટ સમક્ષ આવા કોઈ કંપનીના અધિકારીને તપાસેલ નથી. તેવા સંજોગોમાં આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ બોટલોમાં વિદેશી દારૂ જ હતો તેવી હકીકત માની શકાય નહી અને તે સંજોગોમાં આ કામના આરોપીના કબજામાં દારૂ જ હતો એવું માની શકાય નહી.

આમ, ફરીયાદપક્ષ આ કામે આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકતો હુકમ કરવો ન્યાયસંગત જણાતા ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**૧.** આ કામના આરોપી **ધીરૂભાઈ ભીખુભાઈ કરપડા, ઉ.વ.૪૭,** રહે. રામપરડા, તા.મુળી, જિ. સુરેન્દ્રનગર નાઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે **ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨)** મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** મુદ્દામાલ વાહન તથા મોબાઈલ અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે આથી બિનશરતી કાયમ કરવામાં આવે છે અને જો આવો કોઈ હુકમ થયેલ ન હોય તો માલિકીની ખરાઈ કરી પરત સોં પવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ **દારૂનો** અપીલ સમય બાદ નાશ કરવો.

**૩.** આથી આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમયના જામીન રૂા.૫૦૦૦/– ના રજૂ કરવા અન્યથા અગાઉના જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ હુકમ અંગેની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૬/૨૦૨૬
થાનગઢ

(વિપુલ કાંતિભાઈ વાઘેલા)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
થાનગઢ
**યુનિક કોડ નં.જીજે ૦૧૪૬૫**